૭મા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.સુરતની કોર્ટમા

ફોજદારી કેસ નં:–          /૨૦૨૨
આંક:– ૪

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી:–

ગુનો:– પ્રોહી.એકટની કલમ ૬૬(૧)બી

## –: ચુકાદો:–

૧. આ કામના આરોપી સમક્ષ ૬૬(૧)(બી)મુજબના ગુન્હાની ચાર્જશીટ અત્રેની કોર્ટમા દાખલ થતા આરોપીને સમન્સ કાઢવામા આવતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે આપવામા આવેલી ત્યારબાદ  આરોપીએ આંક–૩ થી ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે.જે પુરશીશ વંચાણે લેતા આરોપીએ સ્વૈચ્છીક રીતે સદર ગુનો કબુલ કરેલ જણાઈ આવે છે.વધુમા, આરોપીએ મૌખિક રજુઆત કરેલ છે કે પોતે ગરીબ ઘરના છે અને અભણ વ્યકિત છે અને તેના કુટુબની જવાબદારી તેમની ઉપર છે,જેથી દયા રાખી ઓછી સજા કરવાની વિનંતી કરે છે, અને ફરીથી આ પ્રકારનો ગુનો ના કરે તેવી બાંહેધરી આપે છે.

૨.આરોપીને ગુના અંગેની તેમજ ગુનાની શિક્ષાત્મક જોગવાઈઓ અંગે પણ સમજ આપેલ છે અને પુછપરછ કરતા સંપુર્ણ સ્વૈચ્છીક રીતે તેણે ગુનો કબુલ કરેલ છે તેવુ ફલીત થાય છે.આ સંજોગોમાં આરોપી ઉપર દયા રાખવી જરૂરી જણાય છે અને તે સંજોગોમાં કેસની તમામ હકીકતો અને આરોપીની રજુઆત તથા આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત ને ધ્યાને લેતા ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:હુકમ:–

આ કામે આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ–૧૯૪૯ની કલમ ૬૬(૧)બી હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા–      /– નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને દંડ ન ભરે તો તેને ૨ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

તારીખ:–૨૬/૦૬/૨૦૨૨
સુરત

(કર્ણ અજીત મારવાહ)
GJ01558
૭મા એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.,સુરત